ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૯-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### હિંદી પખવાડિયું ઊજવી દેવાથી હિંદીનો ઉદ્ધાર થવાનો નથી

આઝાદીની ચળવળ ચાલી રહી હતી ત્યારે એના મુખ્ય સેનાપતિ સમા મહાત્મા ગાંધી રાજકીય કરતાં રચનાત્મક કાર્યક્રમો પર વિશેષ ભાર મૂકતા હતા. દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણ ઉપરાંત જે સૌથી મોટો રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ હતો તે હિંદી પ્રચારનો હતો. ગાંધીજી અંગ્રેજો સાથે અંગ્રેજીને પણ દેશવટો આપી દઈ હિંદુસ્તાનની સાચી અને નવી ઓળખ ઊભી કરવા માગતા હતા. એમણે છેક ૧૯૧૮માં ઈંદોર ખાતે મધ્યભારત હિંદી સંસ્થાનના મકાનનો શિલારોપણવિધિ કર્યો હતો. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં સફળ સુકાની તરીકે કામગીરી બજાવ્યા બાદ ગાંધીજી ૧૯૧૫માં ભારત આવ્યા તે પછી એક વરસ ગોખલેની સલાહ મુજબ ભારત ભ્રમણ કર્યું. એથી એમને સમજાયું કે દેશની પ્રજાને એક સૂત્રમાં બાંધી રાખવાની ક્ષમતા કેવળ હિંદીભાષામાં છે. વિવિધ ધર્મસંપ્રદાયો અને ભાષાઓ ધરાવતી પ્રજાને રાષ્ટ્રીયતાના રંગે રંગવાનું સહજ માધ્યમ હિંદી જ બની શકે એમ હતી. આવી જ સમજણ સાથે એમણે ૧૯૨૦માં અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી અને એમાં હિંદી શીખવવાની ખાસ વ્યવસ્થા કરાવી હતી. ગાંધીજીના પૂર્વસૂરિ અને ગુજરાતના જ પનોતાપુત્ર મહર્ષિ દયાનંદ સરસ્વતીએ એમના ક્રાંતિકારી વિચારો વ્યક્ત કરતો ધર્મગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ' હિંદીમાં લખ્યો હતો. એમને સમકાલીન શાસ્ત્રવિદ પંડિયોએ ધર્મગ્રંથ સંસ્કૃત ભાષામાં લખવાનો આગ્રહ સેવ્યો હતો. દયાનંદ સરસ્વતી સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા અને દેશભરમાં શાસ્ત્ર ચર્ચા કરતા ફરતા. પરંતુ એમને પણ દેશની આમજનતા જે ભાષા સમજી શકે તેવી હિંદીમાં જ ધર્મગ્રંથ લખવામાં શ્રેય સમજાયું હતું. દેવભાષા નહીં, દેશ ભાષા. મહર્ષિએ જે ભાષા માટે 'દેશ ભાષા' જેવો શબ્દ વાપર્યો હતો તેને મહાત્મા ગાંધી 'રાષ્ટ્રભાષા' તરીકે જોવા ઉત્સુક હતા. પરંતુ રાજકીય વિરોધને કારણે હિંદી કેવળ દેશની 'રાજભાષા' બનીને અટકી ગઈ. રાજભાષા તરીકે પ્રસ્થાપિત થયા પછી પણ એને મળવું જોઈતું મહત્વ નથી મળ્યું. એ અંગ્રેજીની જગ્યા લઈ શકી નથી. પં.નહેરુથી લઈ ડો. મનમોહનસિંહ સુધીના વડાપ્રધાનોમાં એક માત્ર અટલ બિહારી વાજપેયીએ જ હિંદીની મહત્તા સ્વીકારી છે. ચરણસિંહ વિશ્વનાથ પ્રતાપસિંહ અને ચંદ્રશેખર અવશ્ય હિંદીને વિશેષ ઉજાગર કરી શક્યા હોત પરંતુ એમને એટલો વખત નહોતો મળ્યો. દક્ષિણ ભારતના નેતાઓ સતત હિંદીનો વિરોધ કરતા રહ્યા હોઈ કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષ હિંદીના સમર્થનમાં ખૂલીને બહાર આવતાં ખમચાતો રહ્યો છે. નહેરુએ તમિલનાડુ અને કેરળના નેતાઓનો મૂડ પારખી જઈ દેશની તમામ ભાષાઓ દેશની રાષ્ટ્રભાષાઓ જ છે, એવો સમાધાનકારી અભિગમ અપનાવ્યો ત્યારથી હિંદીની માઠી દશા બેઠી છે. હિંદીને રાષ્ટ્રભાષા તરીકે વિકસાવવાનો આદર્શ દેશના બંધારણમાં પણ રજૂ કરાયો છે પરંતુ એને પોથીમાંનાં રીંગણાંની જેમ બંધારણમાં જ દબાવી દેવાયો છે. ગુજરાત એક માત્ર એવું રાજ્ય હતું જેણે બે રાજભાષાઓનો સ્વીકાર કર્યો હતો. પરંતુ ઉમાશંકર જોશી જેવા વરિષ્ઠ સાહિત્યકારને પણ હિંદીનો વધતો પ્રભાવ માતૃભાષા ગુજરાતીના વિકાસની આડે આવશે એવી દહેશત હતી. વર્તમાન મુખ્યમંત્રીના શાસનકાળમાં હિંદીને સૌથી વધુ નુકસાન થયું છે. અભ્યાસક્રમમાંથી એનો એકડો જ નીકળી જતાં હવે હિંદી ફકત સિનેમા અને ટીવી સિરિયલોના આધારે જીવી રહી છે.

તેમ છતાં, ચીનની મેન્ડેરિન વિશ્વની બીજા નંબરની ગણાતી આ લોકભાષા એવા પોતાના બળ પર ટકી રહેશે એમાં શંકાને સ્થાન નથી. હિંદી પખવાડિયાં ઊજવવાનો ઉપક્રમ તો માત્ર એક કર્મકાંડ જ બની રહેલ છે. હિંદીને સરકાર કે સરકારી બાબુઓ નહીં, દેશની આમજનતા જ જિવાડશે કારણ કે એ અમીર ખુસરો, સંત કબીર, મીરાંબાઈ અને રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત, રામધારીસિંહ દિનકર તથા મુનશી પ્રેમચંદની ભાષા છે.

### શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, બાલવાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા તાજેતરમાં સાદરા મુકામે યોજાઈ હતી. જેમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, બાલવાના વિદ્યાર્થીઓ અક્ષય ચૌધરી, પિન્કી ચૌધરી અને સૃષ્ટિ ચૌધરીએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર કે. પટેલ અને આચાર્ય અર્જુનસિંહ બી. પરમાર તથા ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વિજ્ઞાન-ગણિત અને આર્ટનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા એસએમએએફ એકઝીબીશનનું આયોજન કરાયું હતું. જેમાં વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન, ગણિત, આર્ટ અને ફ્રેન્ચ ભાષાને લગતી વિવિધ કૃતિઓને રજૂ કરવામાં આવી હતી.

આ પ્રદર્શનમાં ડૉ. નરોત્તમ સાહૂ જેઓ વૈજ્ઞાનિક અને સલાહકાર તેમજ ગુજરાત કાઉન્સીલ સાયન્સ સીટીના સભ્ય સચિવ છે તેમણે અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. ડીઝાઈન-૪ સ્કૂલના મેનેજીંગ ડીરેકટર ડૉ. સંજય રાવે પણ આ પ્રસંગે હાજર રહી વિદ્યાર્થીઓની કળા અને આવડતને બિરદાવી હતી. આ પ્રદર્શનમાં વિવિધ ચાર્ટ, મોડેલ અને પ્રયોગોને વિદ્યાર્થીઓ સહિત વાલીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ નિહાળ્યા હતા. સ્કોલાસ્ટીક દ્વારા આ પ્રદર્શનમાં પુસ્તક મેળાનું પણ આયોજન કરાયું હતું.

## આહીર સમાજના તેજસ્વી તારલાઓના ૧૫મા સમારોહનું સંપૂર્ણ સ્ટેજ સંચાલન મહીલાઓ દ્વારા કરાયું

ગાંધીનગર, તા.૧૬

પાટનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત સંસ્થા આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા આહીર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન તથા સ્નેહમિલન સમારોહ તા. ૧૪-૯-૨૦૧૩ શનિવારે, ટાઉનહોલ, ગાંધીનગર ખાતે ભવ્ય રીતે યોજાઈ ગયો. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે સમારોહનું સંપૂર્ણ સ્ટેજ સંચાલન આહીર સમાજની મહીલાઓ દ્વારા કરાયું હતું. આ અનોખો અભિગમ અપનાવીને સંસ્થાએ સમગ્ર સમાજને નારી શકિતનું ગૌરવ કરવાનો પ્રેરણાત્મક સંદેશ આપ્યો છે.



આ કાર્યક્રમમાં આહીર સમાજના ધો-૧ થી ૧૨ તથા કોલેજ-યુનિ.ની વિવિધ ફેકલ્ટીના ૫૬ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોને આહીર સમાજની વિવિધ મહીલાઓના હસ્તે શિલ્ડ-પારિતોષિક તથા પ્રોત્સાહક ઈનામ આપીને તેમજ નિવૃત્ત થયેલા, પ્રમોશન તથા નવી નિમણુંક પામેલ ૧૦ સભ્યોનું સન્માન કરાયું હતું. વિદ્યાર્થીઓ તથા ભૂલકાઓ દ્વારા ડાન્સ સહીતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થતાં સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠયો હતો.

આ પ્રસંગે મુખ્ય દાતાશ્રી ચેતનાબેન કાંબલિયા તથા આહીર સમાજના પ્રથમ મહીલા નાયબ કલેકટર તરીકે તાજેતરમાં જ બઢતી પામેલા જયશ્રીબેન જરૂ તેમજ અન્ય કર્મચારી/અધિકારીઓનું સન્માન કરાયું હતું. સંયુકત કૃષિ નિયામક કમલાબેન છૈયા, જયશ્રીબેન જરૂ તથા અન્યોએ પ્રાસંગિક વકતવ્યમાં સમાજની પ્રગતિ અને પ્રતિભાઓને બિરદાવીને અભિનંદન આપવા ઉપરાંત મહીલાને પ્રાધાન્ય આપી નારી શકિતું ગૌરવ કરવાના તથા દિકરીઓના મહત્વને પ્રાધાન્ય આપવા ભાર મુકયો હતો. મહીલાઓ દરેક ક્ષેત્રે સક્ષમ છે તેની પ્રતિતિ આ કાર્યક્રમના મહીલા સંચાલનથી થાય છે. કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી ચેતનાબેન કાંબલિયાએ જણાવ્યું કે શૈક્ષણિક વિકાસ થકી જ સમાજ અને દેશની ઉન્નતિ થાય છે.

કાર્યક્રમના અંતે તમામ ભુલકાઓને સ્ટેજ પર આવવાની તક આપીન પ્રોત્સાહનરૂપે સામુહિક ડાન્સ રજુ કરાતાં, શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતાં. આ તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા. અન્ય સભ્યોએ પણ દાનની અવિરત સરવાણી વહાવી હતી. આહીર સમાજના આમંત્રિત મહેમાનોએ કિંમતી સમય ફાળવીને પણ હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે લોકડાયરો રજૂ કરીને સૌરાષ્ટ્રની ખમીરવંતી લોક સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી હતી.

## ટ્યુશનિયા શિક્ષક મિત્રોને એક પત્ર

**કેમ્પસ**
**- ધ્વનિલ પારેખ**

હે મારા શિક્ષક મિત્રો(જેઓ ટ્યુશન કરે છે એમને માટે જ),

આજે તમારી સાથે થોડો સંવાદ કરવો છે. આજકાલ છાપામાં તમારા વિશે ઘણી બધી વિગતો -ગટ થઈ રહી છે એટલે થયું કે ચાલો થોડો સંવાદ તમારી સાથે પણ કરી લઈએ.તમને મારો ઉદેશ તો સમજાઈ ગયો હશે કે હું શા માટે તમારી સાથે સંવાદ કરવા માગું છું, નથી સમજાયો? સારું ત્યારે હવે ફોડ પાડીને જ વાત કરું છું, જેથી તમને દીવા જેવું ચોખ્ખું સ્પષ્ટ થઈ જાય.

તો મિત્રો, વાત જાણે એમ છે કે તમે લોકો શાળામાં શિક્ષકની નોકરી કરવા ઉપરાંત ખાનગી ધોરણે ટ્યુશન પણ કરો છો એવા સમાચાર આજકાલ છાપામાં વધારે -માણમાં -ગટ થઈ રહ્યાં છે અને શિક્ષણ વિભાગે એ બાબતે તમારી સામે લાલ આંખ કરી છે.હવે, ભાઈ શિક્ષણ વિભાગ લાલ આંખ કરે અને એ પણ શિક્ષકો સામે એ કંઈ સારું કહેવાય? બોલો,બોલો કંઈ સારું કહેવાય? મનોમન તો તમે આ બધું વાચીને મારી સામે લાલ અંખ કરતાં હશો પણ આવું લખવા સિવાય છૂટકો નથી એટલે મારે લખવું પડે છે.

મિત્રો, આપણી આખી શિક્ષણપદ્ધતિ જ ટ્યુશન આધારિત થઈ ગઈ છે એવું તમને નથી લાગતું? અને એ વાત સાચી હોય તો એને માટે તમારા જેવા શિક્ષકો વધારે જવાબદાર છે એ પણ એટલું જ સાચું છે.ટ્યુશન વગર પાસ જ ન થવાય, સારા ગુણે પાસ થવું હોય તો સારું ટ્યુશન રાખવું જ પડે, ટ્યુશન તો આજે અનિવાર્ય થઈ ગયું છે, શાળામાં શિક્ષકો ભણાવે છે જ ક્યાં? એટલે ના છૂટકે ટ્યુશન રાખવું પડે છે. ટ્યુશન સંદર્ભે આવી વાતો વિદ્યાર્થી અને વાલીઓ પાસેથી સતત સાંભળવા મળે છે. ટ્યુશન વિશેનો આવો 'હાઉ' કોણે ઉભો કર્યો? મિત્રો, સાચું કહેજો એમાં પણ તમારો જ હાથ છે ને? શાળામાં યોગ્ય રીતે શિક્ષણ આપવામાં આવે અને પૂરતો ન્યાય આપવામાં આવે તો ટ્યુશનની ખરેખર જરૂર છે ખરી? ટ્યુશન આપીને તમે સાબિત શું કરવા માગો છો? ટયુશનમાં ઉત્તામ રીતે શિક્ષણ આપનાર શિક્ષક શાળામાં શું કામ ઉત્તામ રીતે ભણાવતો નથી? આ બધી બાબતોને કારણે મિત્રો, તમે શંકાનાં એક મોટાં વર્તુળમાં કેદ થઈ ગયા છો અને તમારી સામે લાલ આંખ કરવામાં આવે છે.

આજે -ત્યેક વિદ્યાર્થી અને વાલીના માનસમાં આ વાત જડબેસલાક રીતે ઘર કરી ગઈ છે કે ટ્યુશન વિના પોતાના બાળકનો ઉદ્ધાર નથી અને એ મોંઘાદાટ ટ્યુશનની ફી ભરવા કમર કસે છે.તમને એવું નથી લાગતું કે તમે શિક્ષણની એક મોટી હાટડી ખોલીને બેસી ગયા છો? શિક્ષણના વેપારીકરણમાં તમારી ભૂમિકા પણ શંકાસ્પદ તો રહી જ છે.

બીજી એક વાત પણ હમણાં જાણવા મળી છે.હું માનું છું કે શિક્ષકને અન્ય સરકારી કામોથી દૂર રાખવા જોઈએ જેથી એ શાળામાં શિક્ષણ વધારે અસરકારક રીતે કરી શકે.કેટલાક શિક્ષક મિત્રો આ સરકારી કામની સાથે સાથે બેવડો લાભ લેવા ગયા, પણ પકડાયા. સરકારી કામની સાથેસાથે સ્પર્ધાત્મક પરીક્ષાનું નિરીક્ષણ કરતાં કેટલાક શિક્ષકો ઝડપાયા.એટલે, એક સાથે બે કામ એમના નામે બોલે, સરકારી કામ અને નિરીક્ષણ કાર્ય. હવે, તમે જ કહો આ શક્ય છે? આ પાછળનું એક માત્ર કારણ લાલચ છે.નિરીક્ષણ કાર્ય કરવાના જે નાણા મળે એ લોભને કારણે એમણે સરકારી કામ -ત્યે બેદરકારી બતાવી અને ત્યાં ગેરહાજર રહીને બીજે જાજર રહ્યા.મિત્રો, તમારું આ -કારનું આચરણ વિદ્યાર્થીઓ પર શી અસર પડે છે એનો ક્યારેય વિચાર કર્યો છે ખરો?

શિક્ષકો -ત્યે આજે પણ સમાજમાં એક આદરભાવ હજી ટકી રહ્યો છે.ગામડામા કોઈ એક શિક્ષક હોય તો ગામ આખું એને આદરપૂર્વક 'માસ્ટર' તરીકે જુએ છે. આ 'માસ્ટર' શબ્દ કટાક્ષમાં વપરાતો થાય ત્યારે એ શિક્ષકો -ત્યર અપમાનજનક લાગે છે. એ આદરપૂર્વક વપરાય એમાં જ એનું ઔચિત્ય રહ્યું છે અન્યથા સાધુ-સંતો જે રીતે હમણાં સમાજની નજરમાંથી નીચે ઉતરી રહ્યા છે એવો વારો શિક્ષકોનો ન્ આવે તો સારુ, એવું તમને નથી લાગતું? વિચારજો. અરે, પણ આમાં વિચારવા જેવું પણ ક્યાં છે? જે વાત ખોટી છે અને સૌ જાણે છે એનાથી તમારે તો દૂર જ રહેવું જોઈએ એવું પણ મારે તમને સમજાવવાનું હોય? તમારે અપમાનજનક સ્થિતિમાં મૂકાવું છે કે આદરપૂર્વક, એ આખરે તો તમારે જ નક્કી કરવાનું છે.




## 'મારે શું?'

**ટેલિ રીઝન**
**સમીર રામી**

લો....'ઝલક દિખલાજા'માં વિજેતા પદની દાવેદાર, મારી પ્રથમ પસંદગી લૉરેલના બદલે દૃષ્ટિ વિજેતા બની ગઈ. મને કે તમને ભલે 'મેચ ફિકસીંગ'ની શંકા આવે પણ આમા મારે શું?

મેં લૉરેલને જીતાડવા એક પણ વૉટ આપવાની તસ્દી લીધી નથી. ભલે તે મને ગમતી હતી પણ મે તેના માટે એક એસએમએસ પણ ખર્ચ્યો નથી. કલર્સની વેબસાઈટ સુધ્ધાં જોઈ નથી. હા દરેક હપ્તે દોઢ કલાક ટીવી ચલાવ્યુંપણ દૃષ્ટિને જીતતા જોઈ મારી નજર સામે સ્વીચ ઑફની સ્વીચ હોવા છતાં હું બેસી રહ્યો. અરે રિમોટ પણ મારા હાથમાં હતું. પણ મેં ચેનલ સુધ્ધાં બદલી નથી. આમ છતાં લૉરેલના હારવાનું મને દુઃખ થાય તો તેમાં વાંક મારો જ ને? પછી આ ચેનલવાળા આઉટસાઈડર ગૅમ કરી ગયા. તેવો વાંક થોડો મારાથી કઢાય? વિજેતાને ભલે પચાસ લાખ રૂપિયા અને સોના જડીંત ટ્રોફી આપે પણ માત્ર એકાદ પરફોર્મન્સને કારણે ઘણી કાબેલ હરિફ રનર્સઅપ રહી જાય તો તેને ૧૫-૨૦ લાખ પણ ના આપે તેમાં મારે શું? અરે દિલ-દીમાગને ઝણઝણાવી મૂકે તેવા કરતબ દેખાડનાર બાળ યોદ્ધાઓ જેવા સોનાલી-સુમનને ઠાલા શબ્દો સિવાય કોઈ આશ્વાસન ઈનામ પણ ના આપે તોય મારે શું? મેં ક્યાં આ ઈનામની રકમમાં ફાળો આપ્યો છે તો મારે તેમાં મારા આગ્રહો પણ જબરદસ્તી આપવાનો હક્ક ભોગવવા મળે.

શું કહ્યું? હા... મેં સતત દોઢ કલાક એ જ ચેનલ નિહાળી હતી. હાં ભાઈ વચ્ચે બ્રેકમાં આવતી તમામ જાહેરાતો પણ જોઈ હતી. કદાચ તે જાહેરાતોમાંની મોટેભાગે ઘણીખરી વસ્તુઓની ખરીદી પણ કરી છે. શું? ચેનલવાળાએ તેમાંથી જ ઈનામની સગવડ કરી હતી? તો... હશે.. પણ એમાં મારે શું?

શું મારા વિરોધ કરવાથી ચેનલવાળા લૉરેલને ન્યાય આપશે? તેમણે પબ્લીક વૉટ અને જજીસ વૉટની સાચી ગણતરી કરી છે તેની આરટીઆઈ કરી શકાશે? તો પછી તમે પણ... અરે ચેનલની વાત જવાદો સાહેબ જેમાં મારા અવાજનો મને હક્ક છે તેમાં પણ હું શું કરી શક્યો છું? તમે જુઓ- આ ફુડ સીક્યોરીટી બીલ પાસ થઈ ગયું. કોલસા કૌભાંડની ફાઈલો ખોવાઈ ગઈ, પેટ્રોલના ભાવ ઘટવાને બદલે વધી ગયા, શેરબજાર ગગડી ગયું, વિક્રાંક જહાજ ડૂબી ગયું, કેદારનાથ તારાજ થઈ ગયું, જવાનો શહીદ થઈ ગયા, બહેનો-દીકરીઓના બળાત્કાર થઈ ગયા, કિશકવાડ અને મુજફ્ફરનગર વલોવાઈ ગયા, ગુજરાત જેવા ગુજરાતમાં પણ ધોળે દિવસે લૂંટ થવા લાગી, પણ મારે શું? મને તો સચીને નિવૃત્તી લીધઈ કે આમીરે આઈટમ સૉંગ કર્યુ તે પણ નથઈ ગમ્યું. ભલે ચૈન્નાઈ એકસપ્રેસે ૨૦૦ કરોડનો ધંધો કર્યો કે ગ્રાન્ડ મસ્તી જેવી ફિલ્મ પણ રીલીઝ થઈ ગઈ પણ મારે શું? હું તો ટીવી જોઈશ જ તેના વગર થોડું મને ચાલશે? અને હા જાહેરાતો જોઈને જરૂરના હોય તેવી ચીજવસ્તુઓ પણ ખરીદી લાવીશ. બૉડી સ્પે લગાવીને ઙછોકરીઓને ઈમ્પ્રેસ કરીશ (જો કે હજુ સુધી તો એકે થઈ નથી), કોલ્ડ્રીંકસ પીને ધૂમ બાઈક ચલાવીશ. સીગરેટ પીને કેન્સર જાગૃતિ રેલીમાં જોડાઈશ.

મિત્રોને ગુટખા ખવડાવીને દોસ્તી પાકી કરીશ, લાલ લાઈટ જોવા છતાં સિગ્નલ તોડીશ અને જો પકડાયો તો વીસની નોટ આપીને તોડ કરીશ. મને ફાવે તેમજ પાર્કિંગ કરીશ. કાર કે બાઈક ચલાવતાં મારી પાછળ આવનારનું ભલે જે થાય પણ હું તો પાછળ જોયા વગર જ રસ્તા પર થૂંકીશ, મારા ફલેટની બારીમાંથી કચરો નાંખીશ, સોસાયટીની નવરાત્રી મીટીંગમાં હજુ વધુ નવા સ્પીકરો લાવવા રજૂઆત જોરશોરથી કરીશ, અંબાજી ચાલતે જતાં દરેક વિસામાએથી નાસ્તો લઈ ડીશ ગમે ત્યાં ફેકીશ અને છોડો યાર, તમે તો મારા મગજનું દહીં કરી નાંખ્યું. એક લૉરેલના જીતી એમાં મારું શું બગડી ગયું? અરે.. આટલા બધા એપિસોડમાં માધુરીનું મધઝરતું સ્મિત માણવા મળ્યું શું એ નાનીસુની વાત છે? અરે.. આ સ્મિત પર તો ચેનલવાળાના આવા હજાર ગુના માફ છે... કેમ બરાબર ને?

## શ્રી નરેન્દ્ર મોદી... 'ગુજરાતના હૃદયસમ્રાટ' 'સિકંદર-એ-આઝમ..!!'


દિલ્હીના દરબારમાં રાગ દિપક ગાઈને દઝાયેલો તાનસેન વડનગર પહોંચેલો અને ત્યાંથી તાનારીરીને રાગ મલ્હાર ગાઈ એને ટાઢો કરેલો, એવાં વડનગરની ધૂળ પર ઉછરેલાં નરેન્દ્ર મોદી આજે દિલ્હી દરબારમાં પહોંચવા કમર કસી ચૂક્યાં છે. સામાન્ય પરિવાર, અથાગ પરિશ્રમ એ ચાણક્ય બુદ્ધિથી ગુજરાતની સત્તાની ત્રણ ટર્મની ઝળહળતી સફળતા, વિકાસનો બુલંદ નારો, હિંદુત્વનો ભગવો ખેસ, અસ્ખલિત સંમોહિત કરતી વાણી અને મેનેજમેન્ટ માસ્ટર માઈન્ડ ધરાવતાં નરેન્દ્ર મોદીને હજી તો ભા.જ.પે. વડાપ્રધાનનાં ઉમેદવાર જાહેર કર્યાં ત્યાં જ સમગ્ર દેશમાં એવો માહોલ છવાયો છે કે જાણે તેઓ ખરેખર પ્રાઈમ મિનિસ્ટર તરીકે આરૂઢ થયાં હોય...

'ટૂ બી ઓર નોટ ટૂ બી?' જેવો પ્રશ્ન શેક્સપિયરના હેમ્લેટને થયો હતો. એને કેટલાંય શતકો વિત્યા, પણ એકવીસમી સદીના ભારતનાં સત્તાના સ્વપ્ન જોનારા ભાજપને છેલ્લાં કેટલાંક મહિનાથી આજ પ્રશ્નએ છોલી ખાધો હતો. એકબાજુ 'ટૂ બી' એવું કહેતાં યુવાનો સતત મોદીના નામનો નારો ગૂંજવી રહ્યાં હતા, ફેસબુક, ટ્વિટર જેવા સોશિયલ માધ્યમો પર રાજકીય ચર્ચામાં ઉતરતાં યુવાનોએ તો નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદનો માત્ર શપથવિધિ જ બાકી રાખી હતી. બીજી બાજુ લાલકૃષ્ણ અડવાણી જેવા બુઝર્ગ નેતા માત્ર 'નોટ ટૂ બી'નો લાઈન પર અટકીને બેઠલા હતા. ગાંધીનગરથી સતત વિજેતા બનાવી દિલ્હી બેસનારા લાલજી મહારાજે કયારેય આપણાં શહેરની ચિંતા કરી નહોતી!

ભલું થજો આર.એસ. એસ. ના નેતા અને પેલા રાજનાથ સિંઘને વડીલ નેતા લાલકૃષ્ણની ખફગી વહોરીનેય, સુષ્માને સમજાવીને, ગડકરીને ગળાવીને નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના નેતા જાહેર કરી દીધા. એ વાત એટલી જ સાચી છે કે છેલ્લાં કેટલાક મહિનામાં મોદી મહાત્મ્યનું મસ્ત માર્કેટીંગ કરાયું, ગુજરાત જ નહીં ભારતની મેટ્રોસીટીમાં એમનાં ભાષણો કરાયા અને ત્યાં લાખોની મેદની ઉમટી પડતાં પક્ષે પણ વિચારવું પડ્યું કે આજ ખરો સમય છે મોદી મેજીકને કેશ કરવાનો!!

ગુજરાતની વિજયી હેટ્રીક અને પેટાચૂંટણીમાં કોંગ્રેસના સફાયા બાદ, વિરોધ પક્ષના મોટા માથાઓ ખેંચી લાવી, કેટલીય મહાનગર પાલિકાઓને ભગવા રંગે રંગી અને ઉદ્યોગોને હાથમાં લઈ પોતાની ઈમેજ, હિપ્નોટાઈઝ થયેલી ભારતીય જનતાનાં દિમાગમાં મોદી જ શ્રેષ્ઠ નેતા બની રહ્યાં છે.

**લોકપ્રિય સી.એમ. (કૉમન મેન) બનવાં જઈ રહ્યાં છે પી.એમ. (પબ્લિક મેન) ત્યારે ભારતમાં યુવાનોમાં ઉઠ્યો છે નારો 'કૌન આયા ભાઈ કૌન આયા, ભારત કા શેર આયા...' ૬૩મો જન્મદિવસ મનાવતા નરેન્દ્ર મોદીને અનેક શુભેચ્છાઓ...**




એક તરફ કોંગ્રેસને નહેરૂ પરિવારનાં જ સભ્યો ઉમેદવાર તરીકે જોઈએ છે, ત્યારે મોદીની સીધેસીધી ટક્કર રાહુલ સામે છે. વિકાસ અને હિન્દુત્વના કાર્ડ પર કોંગ્રેસની કેટલીક બાઝી નરેન્દ્ર મોદી ઊંળી વાળી ચૂક્યાં છે. અરે યુવાનો તો ત્યાં સુધી કહે છે કે અમેરિકાની જેમ સીધી જ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી કરાવો, તો નરેન્દ્ર મોદી જ પ્રમુખ બને!!

**શતમ્ જીવ શરદઃ**
**- સંજય થોરાત**

વિકાસનો લોહપુરૂષ અને હિન્દુત્વની બેવડી ભૂમિકા એક સાથે સફળતાથી નિભાવી શકતા નરેન્દ્ર મોદી જેવા 'ટૂ ઈન વન' નેતા મળતાં મોટો વર્ગ ખુશખુશાલ છે. અંબે માતામાં અપાર શ્રદ્ધા ધરાવતાં અને ચૈત્રી નવરાત્રીના નકોરડાં અપવાસ રાખતા આ કૉમનમેનને જ્યારે વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યાં. ત્યારે ભાદરવી પૂનમ ભરવા ભક્તજનોના સંઘો અંબાજી તરફ પ્રયાણ થતાં હતા, અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગરના માર્ગ પર અંબે માતાના ભાવિક ભક્તોના શકનને તેમણે માતાજીનો આશીર્વાદ જ ગણ્યો છે.

ગુજરાતનાં ગામેગામ ખૂંદી વળીને સંઘના પ્રચારક તરીકે કામ કરી ચુકેલા મોદીએ કરેલો ગુજરાતનો વિકાસ એ હવે જગજાહેર વાત છે... ગઈકાલે ગુગલ પર એક જ દિવસમાં સૌથી વધુ સર્ચ થયાનો રેકોર્ડ નરેન્દ્ર મોદીનાં નામે થયો છે એન આજ એક લાખ મુસ્લિમો ભાજપમાં જોડાવા જઈ રહ્યાં છે!!

છેલ્લાં પાંચ દશકાથી જનસંઘ-ભાજપનો ચહેરો બનેલા વાજપેયી-અડવાણીના યુગ પર હવે પડદો પડી ચૂક્યો છે. 'શાયનીંગ ઈન્ડિયા' ના નારાને સાર્થક કરવા મોદીના નામની ઘોષણા કરીને સંઘ પરિવાર અને રાજનાથ સિંગે એક કાંકરે અનેક પક્ષીઓને પછાડ્યાં છે. 'આવશો તો તમારી સાથે, નહીં આવો તો તમારા વગર' જેવો કાઠો નિર્ણય કરીને વડાપ્રધાનનું નામ જાહેર કરાયું છે. અડવાણી અને સુષ્મા સ્વરાજ પાંચ વિધાનસભાની ચૂંટણીબાદ વડાપ્રધઆનપદની જાહેરાતની હઠ લઈને બેઠેલાં, પણ એને અવગણીને નિર્ણય અપાયો એટલે નરેન્દ્ર મોદી સામે બહારનાં વિઘ્નો સાથે અંદરના નારાજ અને રખડી પડેલાં નેતાઓનાં વિરોધને પણ પહોંચવાનું છે. ગુજરાતમાંથી જેમ એક બાદ એક ખેરખાંઓને ખસેડીને સત્તા ટકાવી રાખી એમાં મોદીનું મુત્સદ્દીપણું અને ચાણક્ય બુદ્ધિ દેખાય છે, જે દિલ્હીનાં તખ્ત માટે એટલું જ કામમાં આવશે!!

ભારત દેશમાં ચૈતન્યથી લહેર ખુબ વર્ષો પછી ઉઠી છે અને લોકોની અપેક્ષા પણ વધુ છે. મોંઘવારી - ભ્રષ્ટાચાર, બરોજગારી, સલામતી જેવા પબ્લિકને ટચ કરતાં પ્રશ્નોની સામે નીતિશકુમાર જેવાં વિલનને પણ નાથવાનો છે. અકાલીદળ - શિવસેના અને દરેક રાજયોનો પ્રાદેશિક પાર્ટીઓને ખોળે બેસાડવાની છે. હમણાં ભાજપની માત્ર ૧૧૬ સીટો છે, તો સામે કોંગ્રેસની ૨૦૬ છે. મોંઘવારી-ભ્રષ્ટાચારમાં અને મૌન રહેતા મનમોહનને કારણે કોંગ્રેસને વધુ ફટકો પડી શકે તેમ છે, વાજપેયી - અડવાણીના યુગમાં ૧૮૨ સીટો ભાજવો મેળવેલી હવે મોદી મેજીક આ રેકોર્ડ તોડે છે કે કેમ? સરકાર રચવા જોઈતો ૨૭૨ નો જાદુઈ આંકડો મેળવશે કે કેમ? આવી બીક પણ સૌને સતાવે છે.

૧૩મી તારીખને શુક્રવારે નરેન્દ્ર મોદીનાં નામની જાહેરાત થઈ, અંગ્રેજો ૧૩ અને શુક્રવારનાં યોગને અત્યંત અપશુકનિયાળ ગણે છે. નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર છે અને ૮નો આંકડો શનિનો કહેવાય છે. શનિ ધારે એને રાજગાદી અપાવે છે. નરેન્દ્ર મોદીને ૮ નો આંકડો ફળ્યો છે એવું જયોતિષ અને કૂંડળી કહે છે. લોકપ્રિય સી.એમ. (કૉમન મેન) હવે પી.એમ. (પબ્લીક મેન) બનવાં જઈ રહ્યાં છે, ત્યારે 'સોને કી ચીડિયા' ના ભારતની પરિકલ્પના કરતાં યુવાનો 'ભારત કા શેર' આયાનો નારો લગાવે છે... ૬૩માં વર્ષની કેક કાપનારા નરેન્દ્ર મોદી આવતાં વર્ષે દિલ્હીમાં એમનાં ૬૪માં જન્મદિવસની કેક કાપે એવું હરકોઈ ઈચ્છી રહ્યું છે, ત્યારે અત્યંત સંઘર્ષપૂર્વક સત્તાધારી બનેલા આ 'ધૂલ કા ફૂલ' હવે 'સિકંદર-એ-આઝમ' બને એની સૌની હાર્દિક શુભેચ્છાઓ એમના જન્મદિવસે આપવી જ રહી...